# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નોટરી પોર્ટલનું લોન્ચિંગ કરતાં કહ્યું , દસ્તાવેજો અપલોડ કરવાની પ્રક્રિયા ઓનલાઈન થતાં સમય અને શક્તિની બચત થશે.**
2. **રાજ્યના બાળમૃત્યુ દર અને માતામૃત્યુ દરને વૈશ્વિક માપદંડ સુધી લઈ જવાની દિશામાં કાર્ય કરવા કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રીની સૂચના.**
3. **આવકવેરા વિભાગના અમદાવાદ , ગાંધીનગર સહિત છ શહેરોમાં દાન લેતા રાજકીય પક્ષોના કાર્યાલયો પર દરોડા.**
4. **આંતકવાદ વિરોધી પ્રવૃત્તિઓને ડામવા ATS સહિત ફિલ્ડ યુનિટના સમગ્ર માળખાને વધુ સુદ્રઢ કરવા રાજ્ય પોલીસ વડાની પોલીસ તંત્રને સૂચના.**
5. **અમદાવાદમાં આજથી 23 નવેમ્બર સુધી આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ યોજાશે.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM NOTARY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નોટરી તરીકે પસંદ થયેલા એક હજાર 500થી વધુ ધારાશાસ્રીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા. ગાંધીનગર નેશનલ લો યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નોટરી પોર્ટલનું લોન્ચિંગ કરાયું હતું.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, નોટરીની જગ્યામાં બમણાથી વધુનો વધારો કરતા ભવિષ્યમાં મોટી સંખ્યામાં વકીલોને લાભ મળશે.

નોટરી માટેના ઈ-પોર્ટલ માધ્યમથી સામાન્ય નાગરિકોના સમયની બચત થશે.

## બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

---

# CABINET MEETING

રાજ્ય મંત્રીમંડળની ગઇકાલે યોજાયેલી બેઠકમાં રાજ્યના બાળમૃત્યુ દર અને માતામૃત્યુ દરને વૈશ્વિક માપદંડ સુધી લઈ જવાની દિશામાં કાર્ય કરવાની મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હોવાનું પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું.

## બાઇટ- જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી

પ્રભારી મંત્રીઓને તેમના વિસ્તારના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ અને રોડની સ્થિતિની સમીક્ષા કરીને તેની પ્રગતિ માટે જરૂરી ફોલોઅપ લેવા પણ મુખ્યમંત્રીએ સૂચના આપી હતી.

---

## IT – RAID ON POLITICAL PARTY

આવકવેરા વિભાગે ગઇકાલે રાજ્યના 6 શહેરોમાં દાન લેતા રાજકીય પક્ષોના કાર્યાલયો ખાતે દરોડા પાડ્યા હતા.

અમદાવાદ,ગાંધીનગર,સુરત,રાજકોટ,વડોદરા અને જુનાગઢમાં જનશક્તિ પાર્ટી,એનસીપી અને નેશનલ જનતા દળ સહિતના પક્ષોના કાર્યાલયોમાં નાણાકીય વ્યવહારોની તપાસ હાથ ધરાઇ હતી.

આ રાજકીય પક્ષો પર કરચોરીની શંકાને લઈને આ દરોડા પડાયા હોવાનું માનવામાં આવે છે.

---

## DGP MEETING

રાજ્યમાં આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓ અનુસંધાને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે મહત્વપૂર્ણ બેઠક યોજીને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવા સૂચનાઓ આપી.

ATS સહિત તમામ ફિલ્ડ યુનિટના સમગ્ર માળખાને વધુ સુદ્રઢ કરવા ચર્ચા કરવામાં આવી. SOGની સાથેસાથે સ્થાનિક પોલીસને પણ પોતાના હ્યુમન

ઇન્ટેલિજન્સને સક્રિય રાખીને આ પ્રકારની પ્રવૃત્તિઓ અંગે સતત વોચ રાખવા સૂચના અપાઈ હતી.

આતંકવાદ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ગંભીર ગુનાઓ ઉપરાંત NDPS એક્ટઆર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ એક્ટ, ફેક ઇન્ડિયન કરન્સીમાં અગાઉ પકડાયેલા આરોપીઓ, ગુનાહિત ઇતિહાસ સહિતનું રજીસ્ટર નિભાવવા તથા આ પ્રકારના આરોપીઓ પર સતત વોચ રાખવા અને તેમની ગતિવિધિઓ પર નજર રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

---

## NIA--SEARCHES

ગેરકાયદે બાંગ્લાદેશી ઇમિગ્રન્ટ્સ સાથે સંકળાયેલ અલ-કાયદા ગુજરાત આતંકવાદી કાવતરા કેસના સંદર્ભમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી - NIAએ ગઈકાલે પાંચ રાજ્યોમાં 10 સ્થળોએ દરોડા પાડ્યા.

NIAએ ગુજરાત, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, મેઘાલય અને હરિયાણામાં અનેક સ્થળોએ વિવિધ શંકાસ્પદો અને તેમના સહયોગીઓના પરિસરોની તપાસ કરી હતી.

એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું કે દરોડા દરમિયાન ઘણા ડિજિટલ ઉપકરણો અને ગુનાહિત દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા અને જેને ફોરેન્સિક વિશ્લેષણ માટે મોકલવામાં આવી રહ્યા છે.

અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે ચાર બાંગ્લાદેશી નાગરિકો બનાવટી ભારતીય ઓળખ કાર્ડનો ઉપયોગ કરીને બાંગ્લાદેશથી ગેરકાયદે

ભારતમાં પ્રવેશ્યા હતા. તેઓ પ્રતિબંધિત અલ-કાયદા આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું હતું.

---

## UPSC - MAINS

સંઘ જાહેર સેવા આયોગ – UPSC દ્વારા લેવાયેલી જાહેર સેવાઓ પરીક્ષા 2025ની મુખ્ય પરિક્ષામાં રાજ્યના 50થી વધુ ઉમેદવારો ઉત્તીર્ણ થયા છે.

સ્પીપા અમદાવાદના 272 ઉમેદવારે મુખ્ય પરીક્ષા આપી હતી જેમાથી 49 ઉમેદવારો પાસ થયા છે. ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની પર્સનાલિટી ટેસ્ટ આગામી સમયમાં યોજાશે.

---

## WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 18 નવેમ્બર સુધી રાજ્યમાં સંપૂર્ણ સૂકું વાતાવરણ રહેશે. બપોરના સમયે ગરમીનો અહેસાસ થશે, જ્યારે રાત્રે ઠંડક રહેશે.

જોકે, આગામી દિવસોમાં ઠંડીનું જોર ધીમે ધીમે વધવાની સંભાવના છે. રાજ્યમાં હવે ઠંડીની શરૂઆત થઈ ગઈ છે, અને આવતા સપ્તાહથી કડકળતી ઠંડીનું આગમન થશે. તેમ હવામાન વિભાગના વડા ડૉક્ટર એ.કે.દાસે જણાવ્યું હતું.

## બાઇટ- ડૉક્ટર એ.કે. દાસ,

## BOOK FESTIVAL AMDAVAD

અમદાવાદમાં આગામી 23 નવેમ્બર સુધી યોજાનારા આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ 2025નો આજથી પ્રારંભ થશે. અમદાવાદ મહાનગરપાલિકા અને નેશનલ

બૂક ટ્રસ્ટ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે પાલડીમાં સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે યોજાનારા મહોત્સવમાં 300થી વધુ કાર્યક્રમનું આયોજન કરાયું છે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

(...... અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાતના બીજા તબક્કા હેઠળ આજથી આંતર - રાષ્ટ્રીય પુસ્તક મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. શાળાઓ અને મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આચાર્યને 11 દિવસના આ મહોત્સવમાં જોડાવવા મહાનગરપાલિકાએ અપીલ કરી છે. તેમાં યુવાનો માટે નવીનતા કેન્દ્ર પણ બનાવાયું છે. સાંસ્કૃતિક કાર્યક્રમ, કાવ્ય સંગીત, કવિ સંમેલન અને શૌર્ય સંવાદ સાથે અમદાવાદમાં સાંસ્કૃતિક વારસાની ઉજવણી થશે . નિઃશુલ્ક ચિલ્ડ્રન્સ ચલચિત્ર મહોત્સવમાં રોજ સાંજે 5.30 થી 7.30 દરમિયાન અંદાજે 4થી 7 આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મનું પ્રદર્શન કરાશે.

પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ

---

## KUTCH KHEDUT RELIEF PACKAGE

રાજ્ય સરકાર દ્વારા હાલમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે, ત્યારે કચ્છમાં ખેડૂતો મોટી સંખ્યામા મગફળી વેચવા ઉમટી રહ્યા છે.

ભુજના ખરીદ કેન્દ્ર ખાતે ખેડૂતો મગફળી વેચવા આવ્યા હતાં. સરકારે જાહેર કરેલા રાહત પેકેજ પ્રત્યે ખેડૂત માવજીભાઇએ રાજીપો વ્યક્ત કર્યો હતો.

### બાઇટ- માવજીભાઇ , કચ્છ

---

# CRICKET

ભારતની અને દક્ષિણ આફ્રિકાની A ટીમો વચ્ચે ત્રણ વનડે મેચની બિનસત્તાવાર શ્રેણીનો આજથી રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પ્રારંભ થશે. આજે બપોરના 1.30 વાગ્યે મેચ શરૂ થશે. આ મેચ નિહાળવા આવતા ક્રિકેટ રસિકો માટે ત્રણેય મેચમાં પ્રવેશ નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે.

રાજકોટમાં રમાનાર આ બિનસત્તાવાર એક દિવસિય મેચની શ્રેણીમાં ટીમ ઇન્ડિયા A ટીમતિલક વર્માની આગેવાનીમાં રમાશે. આજે પ્રથમ વન ડે મેચ યોજાશે. ત્યારબાદ બીજી મેચ 16 તેમજ ત્રીજી મેચ 19 નવેમ્બરના રોજ યોજાવાની છે.

---

# AFC CUP

અમદાવાદમાં 22થી 30 નવેમ્બર દરમિયાન વિશ્વ કક્ષાના AFC અંડર-17 એશિયન કપ 2026 ક્વોલિફાયર્સના ગ્રુપ Dની મેચ યોજાશે. અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાનારી આ વૈશ્વિક ફૂટબોલ સ્પર્ધામાં ભારત , ઈરાન, પેલેસ્ટાઇન, લેબનોન અને ચાઇનીઝ તાઈપેઈ વચ્ચે મૂકાબલો થશે.

આ મેચ સાંજે 4:30 અને સાંજે 7:30 વાગ્યે બે મેચ રમાશે.

---

# RAJKOT - ALL INDIA POLICE HOCKEY CHAMPIONSHIP

રાજકોટ ખાતે 4થી 15 ડિસેમ્બર દરમ્યાન 74મી અખિલ ભારતીય પોલીસ હોકી ચેમ્પિયનશિપયોજાશે. જેમાં 21 રાજ્યોના 700થી વધુ પોલીસ જવાનો

**અને બી.એસ.એફ., સી.આઈ.એસ.એફ. સી.આર.પી.એફ. સહીત અર્ધ લશ્કરી દળોના હોકી ખેલાડીઓ ભાગ લેશે.**

**સ્પર્ધાના આયોજન અંગે રેન્જ આઇજી અશોકકુમાર યાદવના અધ્યક્ષ સ્થાને ગઇકાલે બેઠક યોજાઇ હતી.બેઠકમાં સ્પર્ધાના સફળ આયોજન અંગે ચર્ચા કરાઇ.**

**બેઠક બાદ તેમણે જણાવ્યુ કે , સ્પર્ધાના સૂચારુ આયોજન અંગે વિવિધ કમીટીઓનું ગઠન કરવામાં આવ્યું છે.**

---